PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

, રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૯/ક્વા–૦૨/૧૬–૧૭/ ૧૦૧૪૦ તા. ૧૧.૧૧.૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ડાવાભાઈ નગાભાઈ કારીયા,
ગામઃ માંઝા,
તા. ખંભાળીયા,
જીઃ દેવભુમી દ્રારકા,
મોઃ ૯૯૨૪૦ ૨૨૦૮૦

**વિષય :–નવા ઘરલાઈટીગ જોડાણ મેળવવા બાબત**

**સંદર્ભઃ– આપની અરજી , તા. ૧૪–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૦૯/ક્વા–૦૨/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02 /A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૦૯/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૦૯–૧૧–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ દાવાભાઈ નગાભાઈ કારીયા,ગામઃ માંઝા,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :કે.એ.કરમુર, ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

## : હુકમ :

**ફરીયાદ : નવા ઘરલાઈટીગ જોડાણ મેળવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ શ્રી એટલેકે શ્રી દાવાભાઈ નાગાભાઈ કારીયા ની ગામઃ માંઝા ખાતે ના વાડી વિસ્તાર મા, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની અરજી મંજુર થતા, તેઓ શ્રી એ મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ તા.૦૨–૦૫–૧૧ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. તેમજ, તા.૦૬–૦૯–૧૨ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પણ કચેરી મા રજુ કરી આપેલ હતો. તદઉપરાંત, તેમની સાથે ના શ્રી ભારાભાઈ માનસુરભાઈ કારીયા એ પણ, આ મુજબ ની જ, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મંજુર અન્વયે ના ભાવપત્રક ની રકમ પણ તા.૦૨–૦૫–૧૧ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. તેમજ, તા.૦૬–૦૯–૧૨ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પણ કચેરી મા રજુ કરી આપેલ હતો. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, શ્રી ભારાભાઈ માનસુરભાઈ કારીયા નુ જોડાણ ચાલુ કરી આપેલ છે, જયારે તેઓ શ્રી એટલેકે શ્રી દાવાભાઈ નાગાભાઈ કારીયા નુ જોડાણ ચાલુ કરી આપેલ ન હોવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર શ્રી એટલેકે શ્રી દાવાભાઈ નાગાભાઈ કારીયા ની ગામઃ માંઝા ખાતે ના વાડી વિસ્તાર મા, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની અરજી મંજુર થતા, તેઓ શ્રી એ મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ તા.૦૨–૦૫–૧૧ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. તેમજ, તા.૦૬–૦૯–૧૨ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પણ કચેરી મા રજુ કરી આપેલ હતો. જેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, નવા જોડાણ આપવા સબંધક વીજલાઈન ઉભી કરવાની કામગીરી પૂર્ણ કરી, અને અરજદાર શ્રી ના, જોડાણ ના સ્થળ પર મોટર લગાડાયેલ બાબત ને સમર્થન આપતો, નવેસર થી તા.૦૭–૧૦–૧૬ ના રોજ નો નવેસર થી ટેસ્ટ રીપોર્ટ મેળવી અને તે મુજબ, અરજદાર શ્રી નુ સદર ખેતીવાડી વીજજોડાણ તા.૨૧–૧૦–૧૬ ના રોજ, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી હેઠળ અરજદાર શ્રી નુ સદર નવુ જોડાણ જે મીટર તેમજ સર્વિસ લગાડી જોડાણ ચાલુ કરી, અને અરજદાર શ્રી ના તા.૨૧–૧૦–૧૬ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ , અરજદાર ની સવાલવાળી ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદદા નં.–૩ :

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતેની માંગણી ના અનુસંધાને,પીજીવીસીએલ તરફથી મુદદા નં.૨.૧ મુજબ ની વિગતેની, અરજદાર શ્રી ના નવા જોડાણ ને તા.૨૧–૧૦–૧૬ ના રોજ ચાલુ કરવાની કાર્યવાહી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, તેમના તા.૨૧–૧૦–૧૬ ના લેખીત સંમંતીપત્ર હેઠળ પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

મુદદા નં.–૪ :

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો,** સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..